## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પ્રભુ ! પાયામાં તું જ, તારી જ છે બધી માયા !
તારી જ મૂળ કાયા ને બાકી બધી છાયા !
પડછાયા પર છે સુખ-દુઃખના ઓછાયા -
આયા, ખાયા, પીયા-ગીત ગાયા, ને ગંગ નાહ્યા...

હાઈકુ

'નામ' જપો તો -
ખપો, ખૂદાને ન'કાં -
પૂછે છે કોણ ?!

દુનિયા આખી -
છે વેપારી સ્વાર્થની,
લે પછી જ દે...

### ચિંતન

*અસંભાવ્યં ન વક્તવ્યં, પ્રત્યક્ષમપિ દૃશ્યતે ।*
*શિલાતરતિ પાનીયં, ગીતં ગાયતિવાનરઃ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જે બાબત અસંભવ જેવી હોય, અશક્ય જેવી જણાતી હોય, એવી બાબત જો નજરે જોઈ હોય તો પણ તે બોલવી કે કોઈને કહેવી નહીં, જેમ કે પથ્થર પાણી પર તરે છે અને વાંદરો ગીત ગાય છે.

સામાન્યઃ સંસાર વ્યવહારમાં સંઘર્ષ, ઘર્ષણ-કંકાસ-કાવાદાવા-ખટપટ અને અશાંતિઓ ગેરસમજથી સર્જાતી હોય છે. ઘરના પરિવારમાં ઘણા સભ્યો સાથે રહેવા છતાં એકમેકને હૃદય સ્વભાવથી ઓળખી શકતા નથી. ઘણીવાર આવી સમજના અભાવ અને શંકાશીલ સ્વાર્થી સ્વભાવને કારણે પણ અમુક વ્યક્તિત્વો તો આવાં જ હોય એવી ખોટી કાલ્પનિક માન્યતા મુજબ પણ સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, ભાઈઓ જેવા સંબંધોમાં ખોટી રીતે તીરાડ પડે કે પડાવાય છે. આમાં કોઈની વાત પર વિશ્વાસ કરવો કે આની વાત ત્યાં કરવાની ખોટી રીત કારણ ભૂત હોય છે.

આથી હંમેશા સ્વષ્ટ-સીધી-નિખાલસ વાત કરી લેવી - કાચા-કાનના ન બનવું.

### સુવિચાર

- જરૂરી નહીં કી હર સમય જુબાં પર ભગવાન કા નામ આયે,
  વો લમ્હા ભી ભક્તિ કા હોતા હૈ જબ ઈન્સાન-ઈન્સાન કે કામ આયે - **અખંડ આનંદ**
- કંઈક કેટલીયે ઈચ્છાઓ અધૂરી હોય છે, જિંદગી તોયે મધૂરી હોય છે,
  દ્રાક્ષ ખાટી દર વખતે હોતી નથી, જીભ પણ કયારેક તૂરી હોય છે - **દક્ષેસ કોન્ટ્રાક્ટર**
- જે દિવસને આપણે ભરપૂર જીવ્યો હોય તે જ દિવસ આપણો હોય છે,
  બાકી બધા દિવસો તો તારીખીયાના પાના જ હોય છે - **જનકલ્યાણ**
- ચિતા સળગે તે પહેલા તમારી ચેતના જગાવી લો - **મુનિ તરુણસાગરજી**
- જે બીજાને પોતાના જેવો જોવે છે, તે ઈન્સાન,
  અને જે બીજાને પોતાના જેવો નથી જોતો તે હેવાન - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આ જીવન ખાવા માટે નહીં પણ ખોવાઈ ગયેલા આત્માને ખોળી લેવા માટે છે - **જ્ઞાનસૂત્ર**
- આજનું ઔષધ : કેરીની ગોટલીનો બારીક ભૂકો કરી તેમાં આમળાનો રસ ભેળવી માથામાં માલીશ કરવાથી વાળ વધે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચાણક્ય પાસે એક વિરયોદ્ધો આવ્યો. એણે કહ્યું, 'મારી તલવારબાજી અજોડ છે, મને કોઈ હરાવી ન શકે.' ચાણક્યએ કહ્યું, 'એક મહીનો આપો મને, હું તમને તલવારબાજીમાં હરાવી દઈશ.'

ચાણક્યએ એના ખાસ વિશ્વાસુ માણસ થકી અફવા ફેલાવી કે ચાણક્ય પોતાની તલવાર છ ઈંચ લાંબી રાખવાના છે.'

પેલા યોદ્ધા પાસે આ વાત પહોંચી. તેણે પહેરેથી જ પોતાની તલવાર છ ઈંચ લાંબી કરાવી રાખી. ચાણક્ય સ્પર્ધાના દિવસે પોતાની મૂલ સાઈઝની તલવાર લઈને પહોંચ્યા.

સ્પર્ધા શરૂ થઈ અને બીજા જ રાઉન્ડમાં ચાણક્યએ પેલા યોદ્ધાને પરાજિત કર્યો. પેલો યોદ્ધો તેની તલવાર છ ઈંચ લાંબી હોવાને કારણે બરાબર વીંઝી ન શક્તો ન હતો, પછી કેવી રીતે જીતે ?

સાર એ છે કે બીજાની વાતોથી દોરવાઈ જનાર લોકો હંમશા પરાજય પામે છે.

# નવા રાજકીય સમીકરણોની શરુઆત

**તંત્રીસ્થાનેથી...**

ભાજપના ખેરખાંઓની અદમ્ય ઈચ્છા હતી કે મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બને. એ માટેની અનેક કોશિશો છતાં એમનું સપનું સાકાર ન થઈ શક્યું અને ઉતાવળે મુખ્યમંત્રીપદના શપથ લેનાર દેવેન્દ્ર ફડણવીસને સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ફેસ કરવો પડે એમ હતો એ ફ્લોર ટેસ્ટ પૂર્વે જ રાજીનામું આપી દેવું પડ્યું. એ પછી અત્યંત નામોશીભરી પરિસ્થિતિમાં મુકાઈ ગયેલા મહારાષ્ટ્રના રાજયપાલને સુપ્રીમ કોર્ટની ધાકમાં મહારાષ્ટ્ર વિકાસ ઉઘાડી તરીકે ઓળખાતા જૂથના નેતા ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવવા મજબૂર થવું પડ્યું. ઉદ્ધવ ઠાકરે માટે એમના જીવનનું ઐતિહાસિક સ્વપ્ન સાકાર થયું. ભાજપ સામે એક જૂટ થવાનો એક વધુ પ્રયાસ સફળ થયો અને એના ખરા નાયક એનસીપીના સંસ્થાપક શરદ પવાર સાબિત થયા. આ આખા ઘટનાક્રમમાં કોંગ્રેસ ઉફરા મને શરદ પવારની આંગળી પકડીને ચાલતી રહી છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઉદ્ધવ ઠાકરેના ઠાકરે બ્રાન્ડ શપથ સમારોહમાં હાજર ન રહ્યાં એનું એક કારણ આ પણ છે કે વિચારધારાની રૂએ તદ્દન સામસામા છેડે રહેલી હિંદુત્વકેન્દ્રિત શિવસેનાની આગેવાની વાળી સરકારમાં ભાગીદારી કે સમર્થન માત્ર અને માત્ર ભાજપને મહારાષ્ટ્ર જેવા મહત્ત્વના રાજયના શાસનથી દૂર રાખવાના જ આશયથી કરાયેલ હતું. હવે જયારે કોંગ્રેસને સ્પીકરપદ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીપદ પણ જોઈએ છે ત્યારે સ્વાભાવિક રીતે જ શિવસેના-કોંગ્રેસ-એનસીપી ગઠબંધન હવે નવા સમયની નવી તાસીર બની રહે છે. જો આ ગઠબંધન પણ કર્ણાટક પૅટર્ન પર થયેલું હશે અને શિવસેના સાથે કોંગ્રેસનો સંબંધ ટૂંકા ગાળાનો જ રહેવાનો હશે તો એથી બેઉ પાર્ટીઓને નુકશાન થશે તથા ભાજપ પ્રત્યે ભારતીય મતદાર સમુદાય સવિશેષ સમર્પિત થશે. મહારાષ્ટ્રની શિવસેનાના નેતૃત્વવાળી સરકાર બંધારણીય રીતે બરાબર છે કે નહીં એ વિશે પણ ચર્ચા થતી જ રહેશે. ફડણવીસે કેટલાક મુદ્દા ઉઠાવ્યા એથી ખુદ ભાજપને નુકશાન થાય એમ પણ બને. ફ્લોર ટેસ્ટ વખતે એમણે ભાજપના ધારાસભ્યો સાથે વૉક આઉટ કરવાનો નિર્ણય લીધો. આ એ જ ફડણવીસ છે જે ઉદ્ધવ ઠાકરેના શપથવિધિ સમારોહમાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઔપચારિક રીતે ઉદ્ધવ ઠાકરેને અભિનંદન આપી દીધા હતા. વળી રાજયપાલએ જાતે જ શપથવિધિ માટે અને ગૃહ બોલાવવા માટેનો પત્ર પાઠવ્યો હતો. આ એ જ રાજયપાલ છે જેમને બહુ ઉતાવળે કેન્દ્રના ઈશારે ફડણવીસ અને એમના નાયબ તરીકે એનસીપીના અજિત પવારની શપથવિધિ પતાવી દીધી હતી. ફડણવીસ એમના આ સરકાર વિરુદ્ધના વલણથી પ્રજામાનસમાં વામણા બની રહ્યા છે. એમણે પ્રો-ટેમ સ્પીકર બદલવાના નિર્ણય સામે પણ વાંધો લીધો. વળી મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને શિવસેનાના મંત્રીઓએ શિવાજી મહારાજ અને બાલાસાહેબ ઠાકરેનો પૂજ્ય ભાવે ઉલ્લેખ કરી શપથવિધિના સુનિશ્ચિત માળખામાં શપથ લીધા એનો પણ વાંધો ઉઠાવ્યો છે. આવા વાંધા લોકશાહી સાથે સુસંગત ન જ ગણાય. કોઈ એક ચોકઠાને વળગી રહેવું તે બંધારણનું જડ અનુસરણ જ લેખાશે. ઉદ્ધવ ઠાકરે આવી નિયમાવલીનું શબ્દશઃ પાલન કરશે એવી અપેક્ષા જ વધુ પડતી છે. એક નવા જ રાજકીય સમીકરણનો આગાજ થતાં મહારાષ્ટ્રમાં એનસીપી-કોંગ્રેસના સહયોગથી શરૂ થયેલી રાજનીતિ હવે ગોવા સહિતનાં નાનાં રાજયોથી છેક રાષ્ટ્રીય સ્તરે વિકસી શકે એવી સંભાવના નકારી શકાય એમ નથી.

# ભારતીય બંધારણમાં આપવામાં આવેલ સમાનતાનો હક્ક



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કાયદા સમક્ષ સમાનતા એ નકારાત્મક ખ્યાલ છે. કાયદા સમક્ષ સમાનતાનો સિધ્ધાંત કોઈપણ વ્યકિતને વિશેષ અધિકાર આપવામાં નહિ આવે તેમ સૂચવે છે. જયારે કાયદાના સમાન રક્ષણનો સિધ્ધાંત સમાન સંજોગોમાં દરેક વ્યક્તિ સાથે એક જ પ્રકારનો વ્યવહાર સૂચવે છે એટલે કે કોઈ વ્યકિત કે વ્યક્તિઓના વર્ગને સમાજથી અલગ પાડી તેમના પ્રત્યે ભેદભાવ યુક્ત કે દ્વેષપૂર્ણ વ્યવહાર દર્શાવતો કાયદો પ્રધાનમંડળ લોકસભામાં ઘડી શકે નહિ.

સમાજના જુદા જુદા વર્ગની જરૂરીયાતો જુદી જુદી હોય છે. માટે કાયદા દ્વારા અલગ જોગવાઈઓ ઘડવી પડે તેમ હોઈ શકે છે. દરેક વ્યક્તિની સ્થિતિ, સ્વભાવ, સંજોગો અને લાયકાતની દ્રષ્ટીએ એક સરખી હોઈ શકે નહિ તેથી સમાનતાનો અર્થ એવો ન થઈ શકે કે દરેક કાયદો બધાને એક સરખો લાગુ પડવો જોઈએ.

બંધારણની કલમ ૧૪ માં ભારતના રાજય ક્ષેત્રની અંદર કોઈ વ્યક્તિને રાજયથી કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરી શકે નહિ. સમાન રક્ષણના સિધ્ધાંતમાં મુખ્ય પ્રશ્ન વર્ગીકરણનો છે જે કિસ્સામાં વર્ગીકરણ મનસ્વી અને બૈધ્ધિક આધાર વિનામું હશે તો તેનું વર્ગીકરણ વ્યાજબી ગણાશે નહિ અને તે સંજોગોમાં સમાનતાનો ભંગ થશે. પંજાબ યુનિર્વસીટીએ તેમના કર્મચારીના બાળકો માટે બેઠકો અનામત રાખવાનો ઠરાવ કરેલ જે સમાનતાના ભંગ સમાન હોય સર્વોચ્ચ અદાલતે આપખુદી ઠરાવી રદબાતલ ઠરાવેલ.

વ્યાજબી વર્ગીકરણએ સ્વવિવેકનો ઉપયોગ ન્યાયપૂર્ણ, તાર્કિક અને બુધ્ધિગમ્ય હોવો જોઈએ જો સ્વવિવેકનો મનસ્વી રીતે ઉપયોગ કરી વર્ગીકરણ કરવામાં આવેલું જણાશે તો અદાલત આવું વર્ગીકરણ બંધારણની કલમ ૧૪ ના સમાનતાના સિધ્ધાંતનો ભંગ કરનારૂ ગણાશે.

સાંવિધાનાની જોગવાઈઓ કે કોઈપણ અમલમાં હોય તેવા કાયદાની કે રાષ્ટ્રના મૂળભૂત કાનૂની સિધ્ધાંતો સાથે સુસંગત ન હોય કે મનસ્વી હશે તેવા ધારાકિય વહીવટી કે અર્ધન્યાયી નિર્ણયો અદાલતો સમક્ષ પડકારવાને પાત્ર બનશે.

સરકાર તેના વિવિધ કાર્યો માટે રોજેરોજ અસંખ્ય કરારો કરે છે. આ કરારો કરતા સમયે સરકારે ઘણીખરી વ્યાપારી પેઢીઓ પસંદગી કરવાની હોય છે. આ પસંદગી કરતી વખતે પણ કલમ ૧૪ ના સમાનતાના અધિકારનું પાલન થાય તે જોવાની તેમજ કરાર માટે પક્ષકારોની પસંદગી કરવાની સમગ્ર પ્રક્રિયા પાદર્શક, ન્યાયી અને બુધ્ધિગમ્ય હોય તે પણ જરૂરી છે. સરકાર શ્રેષ્ઠ કિંમતની દરખાસ્ત કરનારને જ કામગીરી સોંપી શકે છે.

કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ કોઈપણ વ્યક્તિ જે કાર્યમાં ફરીયાદી હોય તેમાં તે ન્યાય આપશે નહિ તેમજ જે વ્યક્તિ વિરૂધ્ધ કાર્યવાહી કે પ્રક્રિયા કે નિર્ણય લેવાનો હોય તેને સાંભળવાની તક આપવી કુદરતી ન્યાયના સિધ્ધાંત હવે સરકારી કામગીરીની ન્યાયીકતા અને વ્યાજબીપણ બાબતોનો સર્વસ્વીકૃત પર્યાય બની ગયેલ છે.

શિક્ષણ સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગોનું પ્રતિનિધિત્વ જળવાય તે માટે વ્યાજબી વર્ગીકરણના સિધ્ધાંતો અનુસાર આ વર્ગોને અગ્રતાક્રમે પ્રવેશ માટેના નિયમો ઘડી શકાય છે. તબીબી અભ્યાસક્રમ માટે પૂર્વ સૈનિકોના બાળકો માટેના સીનીયોરીટીનો માપદંડ નક્કિ કરવાનું કાયદેસર છે પરંતુ બંધારણની કલમ ૧૫(૪) માં આ માટે અનામતની જોગવાઈ ઠરાવેલ નથી પરંતુ અદાલતો વ્યાજબી વર્ગીકરણના આધાર પર કાયદેસર ઠરાવે છે કે કુદરતી ન્યાયનો સિધ્ધાંત હવે સરકારી કામગીરીની ન્યાઈક અને વ્યાજબીપણાનો સિધ્ધાંત સર્વસ્વીકૃત પર્યાય છે.

વહીવટી નિર્ણયોથી પણ ઘણીવાર સમાનતાના સિધ્ધાંતોનું ઉલ્લંઘન થાય છે ત્યારે તેના નિર્ણયો પણ અદાલતોમાં ચકાસણી માટે રજુ કરવામાં આવે છે. એ જ રીતે ચોક્કસ વર્ગ માટે કરવેરા માફી કરવા માટે કે રાહત આપવા માટે વ્યાજબી વર્ગીકરણ કરીને નિર્ણય કરી શકાય છે તેજ રીતે શરતચુકથી કોઈ વ્યક્તિને પેન્શનના લાભો આપવામાં આવ્યા હોય તો તે ભુલ કોર્ટના ચુકાદાથી કાયમ માટે ચાલુ રાખી શકાય નહિ.

આથી સમાનતા તથા કાયદાના સમાન રક્ષણનો અર્થ બંધારણનીકલમ ૧૪ મુજબ એક સરખા સંજોગોમાં એક સરખા વ્યવહારનો દરેકને હક્ક હોવા ઉપર ભાર મુકવામાં આવેલ છે. સંજોગો બદલાતા સમાનતાનો હક્ક બદલાય નહિ, ભેદભાવ કે દ્વેષપૂર્ણ કાયદો સંસદમાં પસાર કરી શકાય નહિ સર્વને સમાન હક્ક, ફરજ અને સત્તા બંધારણ દ્વારા બક્ષવામાં આવેલ છે. જેનું પાલન કરવાની તમામ વ્યક્તિ, સંસ્થા કે સ્વાયત્ત સંસ્થાની ભારતના બંધારણ મુજબ ફરજ છે જે ફરજને નૈતિકતાની ફરજ ગણી શકાય દરેક કાયદો તમામ વર્ગ, જાતી કે લીંગને એકસમાન લાગુ કરવામાં આવે છે પરંતુ તેમાં કયાંક અસમાનતા જણાયતો તેટલા પૂરતા તેના નિયમોમાં છુટછાટ આપવાની સત્તાએ સ્વવિવેકની સત્તા છે. વ્યક્તિએ સ્વવિવેક પ્રમાણે વર્તન કરવું જોઈએ.

# પુસ્તકોએ જગતમાં જેટલો અધર્મ ફેલાવ્યો છે તેટલો બીજા કશાએ ફેલાવ્યો નથી

**પુસ્તકોમાં પુષ્પ કોઈ રાખવાની વાત છોડ;**
**જો હવે લખાણ પણ કો' પુષ્પ સમ હોતું નથી!**
**- ડો. મુકેશ જોષી**

પોતાના કામ માટે પાંચ-સાત વાર મને મળવાના નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી મારો મિત્ર મને અચાનક, હું પુસ્તકાલયમાં જતો હતો ત્યાં મળી ગયો

'હું પાંચ-સાત વાર આવી ગયો, એણે કહ્યું.'

'હું જાઉં છું, હું પુસ્તકાલયમાં ગયો હતો.'

'એટલે ?'

'લાઈબ્રેરીમાં ગયો હતો, ને આજે પણ જરા મોડું થયું હોત તો ન મળત. હમણાં પણ હું ત્યાં જ જતો હતો.'

'તમે દરરોજ લાઈબ્રેરીમાં જાઓ છો?'

'હા.'

'આ બધી લાઈબ્રેરીઓને બાળી મૂકવી જોઈએ?'

'કેમ ?'

'કેમ શું? હું તો સમજતો જ નથી કે એની જરૂર શી છે? લોકોના પૈસા ને વખત બગાડ્યા સિવાય એ શું કરે છે?'

બહારથી આવતાં મને મોડું થાય છે ત્યારે લાઈબ્રેરી ગયા હશો ! લોકોને પણ નકામી લાઈબ્રેરીઓ કાઢવાનું મન કોણ જાણે કેમ થતું હશે?' એવાં ઉપાલંભનાં વચનો મારે ઘરનાં મનુષ્યો તરફથી સાંભળવા પડે છે.

પરંતુ મારા ઉપર્યુક્ત સુશિક્ષિત મિત્રે પુસ્તકાલયની આવશ્યકતા વિશે દર્શાવેલી શંકા સાંભળ્યા પછી મને પણ થાય છે કે આપણા જેવા ગરીબ દેશમાં પુસ્તકાલયની જરૂર છે ખરી ?

પુસ્તકાલયને લીધે વખત ને પૈસાનો બગાડ થાય છે એની કોઈની ના પડાય એમ નથી. મારો પોતાનો તો પુષ્કળ વખત એમાં જાય છે - જો કે એ વખતમાં હું બીજું શું કામ કરત તે કહી શકતો નથી! ને જે પૈસા મેં પુસ્તક અને પુસ્તકાલય પાછળ ખર્ચ્યા છે. તેમાંથી કેટલાં સિનેમા-નાટકો જોઈ શક્યો હોત, કેટલા કપ ચાના પી શક્યો હોત, કેટલાં કપડાં વસાવી શક્યો હોત એનો હું વિચાર કરું છું ત્યારે - આગળ વિચાર કરવાની મારી શક્તિ થંભી જાય છે.

મને લાગે છે કે પુસ્તકાલયનો ગ્રંથપાલ પણ હું આ રીતે સમય-દ્રવ્યનો બગાડો કરી રહ્યો છું તે જોઈ શકતો નથીં હોય. હું જયારે જયારે એની પાસે અમુક પુસ્તકની માગણી કરું છું ત્યારે ત્યારે હંમેશ એ પહેલાં મારા સામું ઘૂરકીએ જુએ છે. પછી કહે છે કે : 'એ ચોપડી અહીંયા છે જ નહીં.' હું જવાબ દઉં છું કે : 'આ પુસ્તકાલયની યાદીમાંથી જ મેં એ ચોપડીનું નામ શોધી કાઢ્યું છે.' ત્યારે શાંતિથી એ જવાબ દે છે : 'એ તો 'ઈસ્યુ' થઈ છે, કોઈક વાંચવા લઈ ગયું છે.' હું કહું છું કે : 'કબાટમાં છે. મેં હમણાં જ જોઈ.' ત્યારે નિરુપાયે કબાટની કૂંચી આપી મને કહે છે : 'જાઓ, કાઢી લાવો.'

નકામી ચોપડીઓ વાંચી હું મારો વખત ન બગાડું તેની તે બહુ જ કાળઝી રાખે છે.

પુસ્તકો તથા પુસ્તકાલયની આવશ્યકતા વિશે ઘણાં દૃષ્ટિબિંદુથી વિચાર કરી શકાય.

આર્થિક દૃષ્ટિએ જોતાં પુસ્તકો તથા પુસ્તકાલય પાપરુપ છે. જયાં ગરીબો ભૂખે મરતાં હોય, જયાં પશુઓ હરાયાં થઈ ફરતાં હોય, જયાં ટાઢતડકાથી રક્ષણ કરવા માટે કપડા ન મળતાં હોય, ત્યાં વિદ્વાનોએ વાંચવાનો શોખ રાખવો એટલું જ નહીં, પણ તે માટે પુસ્તકાલયો કાઢવાં એના જેવી બીજું કયું પાપ છે ?

ધાર્મિક દૃષ્ટિએ વિચાર કરતાં જણાશે કે પુસ્તકોએ જગતમાં જેટલો અધર્મ ફેલાવ્યો છે તેટલો બીજા કશાએ ફેલાવ્યો નથી. 'કુરાન'માં હોય તે જ આમાં હોય તો એ પુસ્તકો નકામા છે, 'કુરાન'માં હોય તેનાથી જૂદું હોય તો તે અધર્મ્ય છે. માટે એ પુસ્તકો કોઈ પણ રીતે બાળી મૂકવાં જોઈએ.' - એવી જે દલીલ એકેલઝાંડ્રિયાનું ભવ્ય પુસ્તકાલય સળગાવી નાખતાં કરવામાં આવી હતી, તે બધાં જ પુસ્તકોને લાગુ પડે એવી છે.

એમ કહેવામાં આવે છે કે પુસ્તકાલયથી પ્રજાના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. પણ જ્ઞાનવૃદ્ધિ થશે શો ફાયદો ? પ્રજાને જ્ઞાન મેળવવાની જરૂર છે કે પૈસા ? આપણે હીન દશામાં છીએ તેનું કારણ એ નથી કે આપણે અજ્ઞાન છીએ, પણ આપણે નિર્ધન છીએ અને જ્ઞાન મેળવ્યે કંઈ સિદ્ધિ મળતી નથી. એમ તો રાજ કેમ ચલાવવું તેનું મને બહુ સારું જ્ઞાન છે. પણ તેથી કંઈ હું રાજા થયો ?

આપણાં શરીર તો જુઓ. મારા જેવા પુસ્તકો વાંચનારાઓનાં શરીરનું વજન, હાથમાં વાંચવા લીધેલાં પુસ્તક જેટલુંયે હોતું નથી. 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી !' એમ કહેનાર કલાપી કેટલી નાની વયમાં મૃત્યુ પામ્યો ? અને એમ કહેવું એ તો ઊધઈને શોભે, માણસને નહીં. તનને કેળવ્યા પહેલાં મનને કેળવીને આપણે શો કાંદો કાઢવાના છીએ ? દંડ કરો, બેઠક કરો, કુસ્તી કરો, ઝાડ પર ચડો, પહાડ પર ચડો, નાચો, કૂદો, તરો, રમો, દોડો; પણ વાંચી વાંચીને માંદા શું કામ પડો છો ! પુસ્તકોમાંથી - ખાસ કરીને પુસ્તકાલયનાં જૂનાં પુસ્તકોમાંથી - એક જાતનાં પ્રાણહર જંતુ વાચકના દિલમાં દાખલ થાય છે એની તો કેટલાકને ખબરે નહીં હોય.



WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો પુસ્તકો જ્ઞાન નહીં પણ અજ્ઞાન ફેલાવે છે ને મનુષ્યને માયાના મોહપાશમાં જકડે છે. છોકરીઓની પેઠે ચોપડીઓ પણ માણસને પરવશ બનાવે છે, ઉન્મત્ત કરે છે, એની વિવેકશક્તિને કુંઠિત કરે છે, એના મગજમાં પોતાની સત્તા જમાવે છે, એને અન્ય કાર્ય માટે નાલાયક બનાવે છે, એની પાસે ઉજાગરા કરાવે છે. એની પાસે પૈસા ખરચાવે છે! કોઈક બહારના ઠાઠમાઠથી, તો કોઈક આંતરગુણથી, કોઈક પોતાના દળદાર કદથી, તો કોઈ પોતાની નાજુકાઈથી, કોઈક પોતાની સફાઈથી, તો કોઈક પોતાના દમામથી, કોઈક અક્કડ ગુમાનથી, તો કોઈક નહેભીની નમ્રતાથી, કોઈક પોતાની દુર્લભતાથી, તો કોઈક તરત હાથે ચડી આવવાના ગુણથી - છોકરીઓ તેમ જ ચોપડીઓ - માણસોને ઉલ્લુ બનાવે છે. બંનેનાં આકર્ષણ ખરેખર અદ્‌ભૂત છે - અનિવાર્ય છે. યોગીઓ એકની માયામાંથી મુક્ત થઈ શકે છે, ભોગીઓ બીજાના માયાથી અલગ રહી શકે છે, પણ મારા જેવા રોગીઓ તો એકેની માયાથી વિરક્ત થઈ શકતા નથી.

એક રાજાએ પોતાના પુત્રને મનગમતી કન્યા પરણાવવા માટે ઉચ્ચ કુટુંબની ખૂબસૂરત કન્યાઓ ભેગી કરી તેમાંતી પસંદગી કરી લેવાનું કહ્યું. રાજકુમાર આટલી બધી ખુબસૂરત કન્યાઓ જોઈ ગાંડો થઈ ગયો. એણે કહ્યું, : 'મને તો આ બધી જ ગમે છે. કોને પસંદ કરું ને કોને નહીં ?' હું પુસ્તકાલયમાં જાઉં છું ત્યારે મારી સ્થિતિ એ રાજકુમાર જેવી જ થાય છે. આટલી બધી ચોપડીઓ જોઈ મને થાય છે કે : 'આમાંથી કઈ લઉં ને કઈ નહીં ?' પુસ્તકો આમ મને કિંકર્તવ્યમૂઢ બનાવે છે.

છોકરીઓની જોડે ચોપડીઓને બીજી બાબતમાં પણ સામ્ય છે. બંને, સામાન્ય રીતે પ્રામાણિક ને ઉચ્ચ ભાવનાવાળા સદ્‌ગૃહસ્થોની નીતિની ભાવના કથળાવી નાખે છે. પારકી સ્ત્રીનાં હરણ કરી જનારા સદ્‌ગૃહસ્થોના દાખલા ઈતિહાસમાં નોંધાયેલા છે. સારી છોકરીઓ જોઈને પણ મન પર અંકુશ રાખી શકનારા કેટલાયે મહાનુભાવ પુરુષો ચોપડીઓ જોઈ ચલિતચિત્ત થઈ જાય છે. પારકી ચોપડી ઉપાડી જવી એને તેઓ પરમ પુરુષાર્થનું લક્ષણ લખે છે. કેટલાક પોતાને કામની હોય કે ન હોય પણ પારકી ચોપડીને પોતાને ત્યાં જનાનખાનામાં પૂરી રાખવામાં જ મોટાઈ માને છે. પુસ્તકાલયમાં સંગ્રહાયેલાં પુસ્તકો જોઈ તેમને કંઈનું કંઈ થઈ જાય છે ને ચૌર્યવૃત્તિનાં બીજા તેમનામાં વિકાસ પામે છે.

આમ, પુસ્તકાલયની આપણને જરૂર નથી એ સહેલાઈતી સિદ્ધ થઈ શકે. એ જ પ્રમાણે દુનિયામાં આપણી પોતાનીયે કંઈ જરૂર નથી એ પણ એટલી જ સહેલાઈથી સિદ્ધ થઈ શકે.


**- જ્યોતીન્દ્ર હ. દવે**

**Last Seen :**

**"માત્ર પુસ્તકો થકી જ જ્ઞાન મળે જરૂરી નથી**
**કેટલાક "ચહેરા" પણ, તમને પાઠ ભણાવી જાય છે.**

- nehalgadhavi101@gmail.com

# મહારાષ્ટ્રમાં ફજેતી પછી ભાજપનાં વળતાં પાણીના સંકેત



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

કર્ણાટકમાં મારીતોડીને પણ ભારતીય જનતા પક્ષની સરકાર બનાવી લેવાની મળતિયા રાજ્યપાલ વજુભાઈ વાળાના મેળાપીપણાથી કરાઈ તો ખરી, પણ મુખ્યમંત્રી થવાના થનગનભૂષણ યેદિયુરપ્પાની સરકાર રોકડા પાંચ દિવસમાં પડી. જનતાદળ (સેક્યુલર) અને કોંગ્રેસે મળીને કુમારસ્વામીના વડપણ હેઠળ નવી સરકાર બનાવી તો ખરી,પણ દિલ્હીની કમાલોએ અને યેદિયુરપ્પાની ઓફરોએ એને પણ પાડી અને પક્ષપલટા કરાવીને પોતાની સરકાર ફરી આરૂઢ કરી દીધી. હમણાં મહારાષ્ટ્રમાં રાજકીય ભવાઈ જોવા મળી. ભાજપના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અંધારું ઓઢીને સરકાર તો બનાવી, પણ માત્ર ૮૦ કલાકમાં રાજીનામું આપીને શિવસેના-રાષ્ટ્રવાદી કોંગ્રેસ-કોંગ્રેસની સરકાર માટે માર્ગ મોકળો કરી આપવો પડ્યો. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની સરકાર પોતાના પિતા બાળાસાહેબ ઠાકરેના મિત્ર એવા મજબૂત મરાઠા નેતા શરદ પવારની કૃપાથી બની તો ખરી, પણ એ ક્યારે ખડી પડશે એની ચર્ચા અત્યારથી શરૂ થઈ ગઈ છે. જોકે આવતા દિવસોમાં ઝારખંડ જેવા આદિવાસી બહુલ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી ભાજપ માટે પ્રતિકૂળ પરિણામોનાં એંધાણ આપતી હતી ત્યાં ઉદ્ધવના હનુમાન અને ગોવાના પ્રભારી સંજય રાઉતે ગોવામાં ચમત્કાર સર્જાવાની વાત કરીને સૌને ચોંકાવી દીધા છે. એકંદરે ભાજપનાં વળતાં પાણી થઈ રહ્યાના સંકેત મળી રહ્યા હોવાથી એના મિત્રપક્ષો પણ નોખા ચોકા કરીને લડવાની વેતરણમાં છે. કેન્દ્ર અને રાજ્યોમાં નવતર રાજકીય પ્રયોગો થકી ભાજપના વડપણ હેઠળની સરકારો હોવા ઉપરાંત મહારાષ્ટ્રમાં કોંગ્રેસ કે રાષ્ટ્રવાદીના મજબૂત ગણાતા મોટાભાગના નેતાઓને યેનકેન પ્રકારેણ ભાજપમાં જોડીને વધુ પાંચ વર્ષ રાજ કરવાની આદરવામાં આવેલી કવાયતને આજના તબક્કે તો ભારે ઝટકો લાગ્યો છે. અત્રે એ યાદ રહે કે દેશમાં અત્યારે જે ૩૦ મુખ્યમંત્રી છે એમાંના માત્ર ૧૨ જ ભાજપના છે. એમાંના પણ કેટલાક તો કોંગ્રેસ, અહોમ ગણ પરિષદ કે અન્ય પક્ષોમાંથી ઓચિંતા પલટી મારીને ભાજપમાં જોડાયેલા છે. મહારાષ્ટ્રનો વર્તમાન ઘટનાક્રમ કોંગ્રેસ સહિતના પક્ષોમાંથી ભાજપમાં ગયેલાઓને સ્વગૃહે પાછા ફરવાની દિશામાં વળવા પ્રેરી શકે છે. મૂળ કાટ્યાચ્યા વાડીના શરદ પવાર વર્ષ ૧૯૬૭માં પહેલીવાર બારામતીના ધારાસભ્ય ચૂંટાઈને મુંબઈ મહાનગરના મહાપ્રવાહો અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાહોમાં ક્યારેક સામે પૂર તરીને પણ કાઠું કાઢી અશક્યને શક્ય બનાવવા માટે જાણીતા હોવાથી તેમના વડપણ હેઠળ હવે રાજકીય પ્રવાહોનું વલણ બદલાય તો બહુ આશ્ચર્ય નહીં થાય.

- દેશના ૩૦ મુખ્યમંત્રીઓમાં પોતીકા તો માત્ર ૧૨ જ અને સંઘ પરિવારના ગોત્રના રોકડા ૬ જ !
- કેન્દ્રમાં સત્તા અને ૩૭૦ હટાવવાના મુદ્દાને ગજવ્યા છતાં મહારાષ્ટ્ર - હરિયાણામાં બહુમતી નહીં
- ગોવામાં ધારાસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૧૭+૪, ભાજપને ૧૩ મળ્યા છતાં ભાજપની સરકારો બની
- માથે ઝારખંડ અને બિહારની ચૂંટણીઓ ઊભી હોવા છતાં નારાજ મિત્રપક્ષોના રચાતા નોખા ચોકા

### સંઘ પરિવારના તો માત્ર છ જ

ક્યારેક દેશભરમાં ભાજપનો ભગવો લહેરાઈ રહ્યાનો દાવો કરનાર પક્ષની સરકારો અને એના મુખ્યમંત્રીઓનો અમે વિગતે અભ્યાસ કર્યો. જાણ્યું કે દેશમાં બે કેન્દ્ર શાસિત પ્રદેશો દિલ્હી અને પુડુચેરી સહિત કુલ ૩૦ રાજ્યોમાં વિધાનસભાઓ છે. જમ્મૂ-કાશ્મીર તો બે અલગ કેન્દ્ર શાસિત પ્રદેશમાં વહેંચાઈ ગયું છે એટલે એ પાછું મૂળ સ્વરૂપે રાજ્ય બને અને એની વિધાનસભા ચૂંટણી થાય ત્યારે એ ઉમેરાય.દેશનાં જે રાજ્યોમાં ભાજપના મુખ્યમંત્રી છે તેમાં ૧.અરુણાચલ પ્રદેશ (પેમા ખાંડૂ), ૨. ગોવા (પ્રમોદ સાવંત), ૩. ગુજરાત (વિજય રૂપાણી), ૪. મનોહરલાલ ખટ્ટર (હરિયાણા), ૫. હિમાચલ પ્રદેશ (જયરામ ઠાકુર), ૬. રઘુબર દાસ (ઝારખંડ), ૭. કર્ણાટક (બી.એસ.યેદિયુરપ્પા), ૮. મણિપુર (એન.બીરેન સિંહ), ૯. ત્રિપુરા (બિપ્લબ કુમાર દેબ), ૧૦. ઉત્તર પ્રદેશ (યોગી આદિત્યનાથ) ૧૧. ઉત્તરાખંડ (ત્રિવેન્દ્ર સિંહ રાવત) અને ૧૨.આસામ( સર્બાનંદ સોનોવાલ).

### કોનું કયું ગોત્ર રહ્યું

હવે આ ૧૨ ભાજપી મુખ્યમંત્રીઓનાં ગોત્રની અમે ચકાસણી કરી તો એમાંના માત્ર ૬ (છ) જ એવા છે જેમનાં મૂળ સંઘ પરિવારમાં છે. એટલેકે દેશભરમાં ૩૦ માંથી માત્ર ૬ મુખ્યમંત્રી જ ભાજપની માતૃસંસ્થા અથવા એનાં સહોદર સંગઠનો સાથે વિચારધારાની રીતે સંકળાયેલા હોવાનું માલુમ પડે છે. બાકીના છ તો આયાતી મુખ્યમંત્રીઓ છે. અરુણાચલ પ્રદેશના ભાજપી મુખ્યમંત્રી ખાંડૂ તો પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલ પ્રદેશના અને હજુ હમણાં સાગમટે પક્ષાંતર કરીને ભાજપમાં આવ્યા એ પૂર્વે કોંગ્રેસમાં હતા. ગોવાના પ્રમોદ સાવંત મૂળ ભાજપના જ યુવા જનતાના કાર્યકર. મનોહર પર્રિકરના નિધન પછી સાવંતનો વારો આવ્યો. ગત ચૂંટણીમાં ૪૦ની વિધાનસભામાં ભાજપને માત્ર ૧૩ બેઠકો અને કોંગ્રેસને ૧૭ બેઠકો મળ્યા છતાં પક્ષાંતર થકી આજે વિપક્ષી મોરચામાં માત્ર ૧૦ છે અને સત્તા મોરચામાં ૩૦ છે. ગુજરાતમાં ૧૮૨ની વિધાનસભામાં ૧૫૦પ્લસ બેઠકો મેળવવાના લક્ષ સાથે ડિસેમ્બર ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને માત્ર ૯૯ મળી હતી. પક્ષપલટા અને ચાર કલાકમાં મંત્રીપદ આપવાના અનોખા ખેલ છતાં આજે ભાજપ કને માત્ર ૧૦૩ જ છે. હજુ હમણાં જે છ બેઠકોની પેટા ચૂંટણી થઈ એમાં ત્રણ બેઠકો ભાજપ હારી ગયો હતો. મુખ્યમંત્રી રૂપાણી મૂળે સંઘ પરિવારના અભાવિપના.હરિયાણામાં મૂળ પંજાબી એવા સંઘના પ્રચારક મનોહરલાલ ખટ્ટર તાજેતરની ચૂંટણી પછી ફરીને મુખ્યમંત્રી બન્યા તો ખરા,પણ ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળતાં ચૂંટણી પ્રચારમાં જે દેવીલાલ અને ચૌટાલા પરિવારને ભ્રષ્ટાચારી કહેતા હતા એની સાથે જ સમજૂતી કરીને સરકાર બનાવવી પડી.હિમાચલમાં જયરામ ઠાકુર મૂળ સંઘ પરિવારના અને અભાવિપના જ.ઝારખંડના મુખ્યમંત્રી દાસ આદિવાસી બહુલ રાજ્યના બિન-આદિવાસી મુખ્યમંત્રી, પણ મૂળ સંઘ-ભાજપના જ. કર્ણાટકના મુખ્યમંત્રી યેદિયુરપ્પા મૂળ સંઘ પરિવારના ખરા, પણ ભાજપ છોડીને કર્ણાટક જનતા પક્ષનો અલગ ચોકો રચીને પક્ષમાં પાછા ફરેલા. મણિપુરના બીરેન સિંહ કોંગ્રેસમાંથી આવ્યા.એ પહેલાં તેઓ ડેમોક્રેટિક પીપલ્સ પાર્ટીમાં હતા.ત્રિપુરા અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી અનુક્રમે દેબ અને રાવત સંઘ પરિવારના. રાવત તો પ્રચારક હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી મૂળે ભાજપ સામે લડનારા હિંદુવાદી ખરા. રામજન્મભૂમિ આંદોલનમાં સક્રિય. મૂળે એમની હિંદુ યુવા વાહિની ભાજપના ઉમેદવારોને પણ ખત્તાં ખવડાવતી. એમને મોવડીમંડળે નાછૂટકે મુખ્યમંત્રી બનાવવા પડ્યા છે. આસામના સોનોવાલ તો મૂળે અહોમ ગણ પરિષદ (એજીપી)ના અને ભાજપમાં જોડાઈને

**અનુસંધાન પાના નં ૭ પર**